SCA | SAURASHTRA Cricket Association

23, Oct 2016

Ramji, a genuine fast bowler of his time

**રાજકોટ ટેસ્ટ કાઉન્ટડાઉન** ક્રિકેટર અમરસિંહના મોટાભાઇ રામજી એક જેન્યૂઇન ફાસ્ટ બોલર હોવા છતાં ફક્ત એક જ ટેસ્ટ રમી શક્યા

# રામજી રન અપ લેતા ત્યારે ‘હર હર મહાદેવ’ના નારા લાગતાં

સુજિત બોઝ | રાજકોટ

ક્રિકેટ અનિશ્ચિતતાઓનો ખેલ ગણાય છે. કેટલાય ખેલાડીઓ ક્ષમતા હોવા છતાં લાંબુ ટકી શક્યા નથી. સૌરાષ્ટ્રના પણ કેટલાક એવા ખેલાડીઓ છે કે જે પોતાની ક્ષમતા અનુસાર ટેસ્ટમાં દેખાવ ન કરી શક્યા હોય અને ફક્ત એક કે બે ટેસ્ટ રમીને કારકિર્દી પૂર્ણ થઇ ગઇ હોય.આ ખેલાડીઓનું પણ સૌરાષ્ટ્રના ક્રિકેટમાં અમૂલ્ય યોગદાન રહ્યું છે.



એલ.રામજી

## એલ.રામજી: પોતાની ઝંઝાવાતી બોલિંગને કારણે ‘રામજી.. ધ ટેરર’ તરીકે ઓળખાતા

ટેસ્ટ ક્રિકેટમાં ફિફ્ટી ફટકારનાર સૌપ્રથમ ભારતીયનું ગૌરવ હાંસલ કરનારા રાજકોટના ક્રિકેટર અમરસિંહ એક જેન્યૂઇન ફાસ્ટ બોલર હતા, પરંતુ રાજકોટે તેમના કરતા પણ ઘાતક એવા વધુ એક ઝડપી બોલર આપ્યા છે તે આજની પેઢીના બહુ ઓછાને ખબર હશે. ક્રિકેટર અમરસિંહના મોટાભાઈ એલ રામજી તે સમયે રામજી.. ધ ટેરર તરીકે ઓળખાતા. વિદેશી ખેલાડીઓ સામે જ્યારે કપાળે તિલક લગાવી રામજી પોતાનો બોલિંગ રનઅપ શરૂ કરે ત્યારે પ્રેક્ષકોમાંથી રીતસરના ‘હર હર મહાદેવના નારા’ લાગતા. રામજી લાધા નકુમ તેમના નાનાભાઈ અમરસિંહ કરતા 10 વર્ષ મોટા હતા. તેમના ભત્રીજા અને અમરસિંહના પુત્ર સ્વ.વિજયભાઈ નકુમે આ લખનાર સાથે બન્ને ભાઈઓ અનેક વાતો શેર કરી હતી. તેમના જણાવ્યા મુજબ પટિયાલાના મહારાજા ભૂપેન્દ્રસિંહને એક બાઉન્સર વાગતા તેઓ ભારે ગુસ્સે ભરાયા હતા. એક સમયે રામજીએ ભાગવું પડે તેવી નોબત આવી હતી. પોરબંદર સ્ટેટ સાથે પણ આવી જ ઘટના ઘટી હતી. આમ રામજી અનેકની નારાજગી અને રાજકારણનો ભોગ બન્યા હોવાનું મનાય છે. 1933માં ઈંગ્લેન્ડ સામેની મુંબઈ ટેસ્ટમાં રમવાનો મોકો મળ્યો હતો, પરંતુ તેમાં કોઈ નોંધપાત્ર દેખાવ નહીં કરી શક્યા ન હતા. રામજીને બીજો મોકો પણ મળ્યો નહીં. વેસ્ટર્ન ઈન્ડિયા તેમજ બોમ્બે ક્વાડ્રાંગ્યૂલર માટે રમતા રામજીની ફાસ્ટ બોલિંગનો કોઈ પાસે જવાબ ન હતો. તેઓ ફક્ત 27 ફર્સ્ટક્લાસ મેચ રમ્યા હતા. 2.78નો ઈકોનોમી રેટ ધરાવતા રામજીએ 125 ફર્સ્ટક્લાસ વિકેટો ઝડપી હતી. (1 ટેસ્ટ)

## ધીરજ પરસાણા: રણજીમાં સારા ઓલરાઉન્ડર પણ ટેસ્ટમાં તકદીરે સાથ ન આપ્યો



રાજકોટમાં જન્મેલા ધીરજ પરસાણાની ફર્સ્ટક્લાસ કેરિયર દમદાર હતી, પરંતુ ટેસ્ટમાં નસીબે યારી ન આપી. 1979માં એલ્વિન કાલીચરણની કપ્તાનીમાં ભારત પ્રવાસે આવેલી વેસ્ટ ઈન્ડિઝની ટીમ સામે ચેન્નઈ અને દિલ્હી મળીને કુલ બે ટેસ્ટ ધીરજ પરસાણા રમ્યા હતા. ટેસ્ટમાં તેમના નામે ફક્ત એક વિકેટ છે. બન્ને બાજુ બોલને સ્વિંગ કરાવવાની ક્ષમતા ધરાવનાર અને એક ઉપયોગી મધ્યમ ક્રમના બેટ્સમેન ધીરજ પરસાણા ટેસ્ટમાં નિષ્ફળ ગયા તે ઘણાને અચંબિત કરે છે. ડાબોડી મીડિયમ પેસ અને સ્લો આર્મ ઓર્થોડોક્સ બોલર ધીરજ પરસાણાએ 93 ફર્સ્ટક્લાસ મેચમાં 26.54ની સરેરાશે 2946 રન અને 22.24ની સરેરાશે 320 વિકેટ ઝડપી હતી. ટેસ્ટમાં ફક્ત એક વિકેટ ઝડપનાર પરસાણાએ હવે પીચ ક્યૂરેટર તરીકે ક્રિકેટ સાથે જોડાયેલા છે. (2 ટેસ્ટ,1 વિકેટ)

## ન્યાલચંદ શાહ: કિંગ ઓફ મેટિંગ વિકેટ્સ



ધાંગ્રધ્રામાં જન્મેલા લેફ્ટ આર્મ મીડિયમ પેસર ન્યાલચંદ શાહને મહાન વેસ્ટઈન્ડિયાના કપ્તાન ફ્રેંક વોરલે કિંગ ઓફ મેટિંગ વિકેટ તરીકે ઓળખાવ્યા હતા. તેમણે 1952માં મેટિંગ વિકેટ પર રમાયેલી પાકિસ્તાન સામેની લખનૌ ટેસ્ટમાં 97 રનમાં ત્રણ વિકેટ્સ ઝડપી હતી. ન્યાલચંદને ત્યાર બાદ ક્યારેય ભારતીય ટીમમાં સ્થાન મળ્યું નહીં. બે દાયકા સુધી તેમનો રણજી ટ્રોફીમાં દબદબો રહ્યો હતો. તેમણે ફર્સ્ટકલાસ કેરિયર 1939-40માં વેસ્ટર્ન ઈન્ડિયામાંથી શરૂ કરી હતી. છેલ્લે સૌરાષ્ટ્રના કપ્તાન રહ્યા હતા. 57 ફર્સ્ટક્લાસ મેચમાં તેમણે કુલ 235 વિકેટ ઝડપી હતી. (1 ટેસ્ટ,3 વિકેટ)

Courtesy: Divya Bhaskar